ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                                    તા. ૧૩-૦૨-૨૦૨૬

- **દક્ષિણ ગુજરાતની જન આક્રોશ યાત્રા વલસાડ જિલ્લામાં ૨ ફેબ્રુઆરી એ શરૂઆત કરી ૧૩ ફેબ્રુઆરીએ ડેડીયાપાડામાં ભવ્ય સમાપન, યાત્રામાં જોડાવા અને સમર્થન બદલ સૌનો આભાર : શ્રી અમિત ચાવડા**
- **જન આક્રોશ યાત્રાના માધ્યમથી ૨૦૨૭ માં ગુજરાતમાં થનાર પરિવર્તનનો શંખનાદ થઈ ચૂક્યો છે : શ્રી અમિત ચાવડા**
- **જન આક્રોશ યાત્રામાં બહેનો, માતાઓનો આક્રોશ, દારૂ અને ડ્રગ્સનો ખાત્મો બોલાવો : શ્રી અમિત ચાવડા**
- **વિકાસના પ્રોજેકટના નામે આદિવાસી સમાજના જળ,જંગલ,જમીન છીનવવામાં આવે છે : શ્રી અમિત ચાવડા**
- **જન આક્રોશ યાત્રામાં જોડાઈ લોકોએ રજૂ કરેલ પ્રશ્નો, ફરિયાદો, ભ્રષ્ટાચારનો મુદ્દો આગામી વિધાનસભામાં ઉઠાવીશું : શ્રી અમિત ચાવડા**
- **ગુજરાતનાં યુવાનોનું શોષણ કરવાનું બંધ કરે સરકાર, ફિક્સ પગાર, કોન્ટ્રકટ પ્રથા નાબૂદ કરો, યુવાનોને કાયમી નોકરી આપો : શ્રી અમિત ચાવડા**
- **વન અધિકારીઓ દ્વારા આદિવાસી શ્રમિકો પર અત્યાચાર, જેમનું મુળ નિવાસ જંગલ છે તેમને જ જંગલમાં જતા રોકવામાં આવે છે : ડૉ. તુષાર ચૌધરી**

ગુજરાત કોંગ્રેસની ઐતિહાસિક 'જન આક્રોશ યાત્રા – પરિવર્તનનો શંખનાદ' ત્રીજા ચરણની શરૂઆત દક્ષિણ ગુજરાતના વલસાડ જીલ્લાના કપરાડાથી શરૂઆત થઈ જે, નર્મદા જીલ્લાના ડેડીયાપાડામાં ભવ્ય જન આક્રોશ સભા સાથે સમાપન થઈ. આ યાત્રા દરમિયાન વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહ પ્રભારી શ્રી બી.વી. શ્રીનિવાસ, દક્ષિણ ગુજરાતના વિવિધ જીલ્લાના પ્રમુખશ્રીઓ તથા કોંગ્રેસ પક્ષના પદાધિકારીઓ, આગેવાનોએ ૭ જિલ્લાઓમાં ૧૧૦૦ કિલોમીટરની યાત્રા કરી.

કમૌસમી વરસાદથી પીડિત ખેડૂતો માટે સૌરાષ્ટ્રમાં ૧૧૦૦ કિલોમીટરની સોમનાથ થી દ્વારકા સુધીની કિસાન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. ત્યારબાદ ઉત્તર ગુજરાતમાં ઢીમા થી બહુચરાજી ની ૧૩૦૦ કિલોમીટર જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. મધ્ય ગુજરાતમાં ફાગવેલ થી કંબોઈ ગામ સુધીની ૧૪૦૦ કિલોમીટરની જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી.

'જન આક્રોશ યાત્રા – પરિવર્તનનો શંખનાદ' ત્રીજા ચરણના સમાપન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલતી ભાજપ સરકારના શાસનમાં સામાન્ય લોકોના જીવનમાં ભય, અન્યાય અને તકલીફો વધી છે. રાજ્ય આજે વિકાસના દાવાઓની પાછળ છુપાયેલા કડવા સત્યનો સામનો કરી રહ્યું છે. ગુજરાતની પ્રજાએ વિશ્વાસ અને આશાભેર સરકારને બહુમતી આપી હતી, પરંતુ આજે લોકો રોજગાર, ખેતી, શિક્ષણ, આરોગ્ય અને સલામતી જેવી મૂળભૂત જરૂરિયાતોથી વંચિત છે. દરેક ગામમાં મનરેગા અને નલ સે જલ યોજનાઓમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર જોવા મળે છે. ભાજપના નેતાઓએ નલ સે જલ યોજના ને નળ સે ધન યોજના બનાવી દીધી છે. આદિવાસી યુવાનો બેરોજગારીથી ત્રસ્ત છે, ખેડૂતો દેવામાં ડૂબ્યા છે, મહિલાઓની સુરક્ષા જોખમમાં છે. PESA એક્ટ (Act)ની

જોગવાઈઓની સરકાર ઘોર અનદેખી કરી રહી છે. વિકાસના મોટા-મોટા વાયદાઓ અને પ્રોજેક્ટ્સના નામે આદિવાસી સમાજની જીવાદોરી સમાન જળ, જંગલ અને જમીન છીનવી લેવાનું વ્યવસ્થિત કાવતરું ચાલી રહ્યું છે. આદિવાસી સમાજની જમીનોને ભાજપના મળતીયાઓ ખોટી રીતે NA કરાવી દેવામાં આવે છે, અને ત્યારબાદ સરકારી પ્રોજેક્ટમાં ઉંચા ભાવે જમીન સંપાદન કરાવવાનું કરોડોનું કૌભાંડ ચાલી રહ્યું છે. ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે કરોડો રૂપિયાનું ભ્રષ્ટાચાર ખુલ્લેઆમ ચાલી રહ્યું છે. ભાજપની ડબલ એન્જિન સરકારમાં ઉપરથી નીચે સુધીના બધા જ નેતાઓ કમિશનમાં ભાગીદાર છે. ભાજપના નેતાઓ ચારે તરફ ઉઘાડી લૂંટ કરી રહ્યા છે.

૨૦૨૨માં ચારેય તરફ ભાજપ સરકાર સામે વિરોધ હતો. ભ્રષ્ટાચાર, ગેરવયવહાર, તાનાશાહીનું શાસન ચલાવનાર ભાજપ સરકારને જનતા ઉખાડી ફેંકવા માંગતી હતી, પરંતુ ભાજપની બી ટીમ એટલે આમ આદમી પાર્ટીએ ભાજપના ઈશારે ઉમેદવાર ઉભા રાખી કોંગ્રેસના મતોમાં વિભાજન કરાવ્યું હતું. આમ આદમી પાર્ટી જનતાને ભ્રમિત કરી, ભાજપ સામે લડવાનું નાટક કરે છે, પરંતુ અંદરખાને ભાજપને ફાયદો પહોંચાડે છે. જનતાના હક, ખેડૂતોના પ્રશ્નો, આદિવાસીઓના અધિકાર અને યુવાનોના ભવિષ્ય માટે માત્ર ભાષણો અને ખોટા વચનો આપી, ભાજપની તાનાશાહી સરકારને બચાવવાનો ધંધો AAP કરી રહી છે. એટલે હવે જનતાએ સમજી લેવું જોઈએ AAP કોઈ વિકલ્પ નથી, પરંતુ ભાજપની જ બી ટીમ છે, તેથી ગુજરાતના હિત માટે આ ખેલને હવે બંધ કરવો જરૂરી છે. આવનારા દિવસોમાં એક પછી એક બધા જ લોકો આપ પાર્ટીને છોડવાના છે.

જન આક્રોશ યાત્રા દરમિયાન ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ સહિત તમામ વર્ગના લોકોના પ્રશ્નોને ઉજાગર કરવામાં આવશે અને ૨૦૨૭માં ગુજરાતમાં પ્રજાના હિતમાં પરિવર્તન લાવવા માટે પરિણામલક્ષી લડત લડવામાં આવશે.

વધુમાં શ્રી અમિત ચાવડાએ ગુજરાતની જનતાને આહ્વાન કરતાં કહ્યું, તમારા પ્રશ્નોને સરકારના બહેરા કાન સુધી પહોંચાડવા માટેનો સંઘર્ષ છે. આ યાત્રા દરમિયાન અમે ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને દરેક શોષિત વર્ગ સાથે સીધો સંવાદ કરીશું, તેમને 'જનમંચ' આપીશું અને તેમના આક્રોશને બુલંદી આપીશું.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, વન વિભાગના અધિકારીઓ દ્વારા આદિવાસી શ્રમિકો પર સતત અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. જે લોકો પેઢીઓથી જંગલને પોતાનું ઘર માને છે, જંગલ પર જ જીવિકા ચલાવે છે, એ જ લોકોને આજે જંગલમાં પ્રવેશ કરતા રોકવામાં આવે છે. જેમની ઓળખ, સંસ્કૃતિ અને જીવન જંગલ સાથે જોડાયેલું છે, એમને જ પરાયા સમાન વર્તન આપવામાં આવે છે. આ અન્યાય માત્ર કાયદાનો ભંગ નથી, પરંતુ આદિવાસી સમાજના અસ્તિત્વ પર સીધો પ્રહાર છે.

ડેડીયાપાડા ખાતે ભવ્ય જન આક્રોશ સભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહ પ્રભારી વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરી, શ્રી બી.વી. શ્રીનિવાસજી, ધારાસભ્ય શ્રી વિક્રાંત ભૂરિયા, ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી જીગ્નેશભાઈ મેવાણી, પૂર્વ વિધાનસભા વિરોધ પક્ષ નેતા શ્રી સુખરામભાઈ રાઠવા, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેશભાઈ વસાવા, પૂર્વ ધારાસભ્ય શ્રી પી.ડી વસાવા, શ્રી કરશનદાસબાપુ ભાદરકા, જીલ્લા પ્રમુખ શ્રી રણજીતસિંહ તડવી, પૂર્વ ધારાસભ્ય શ્રી પુનાભાઈ ગામિત, પૂર્વ ધારાસભ્ય શ્રી સુનિલભાઈ ગામિત, ભરૂચ જીલ્લાના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ રાણા, યુવા કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી સંજયભાઈ નીનામા તથા પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮